# સામાન્ય પીઠનો દુઃખાવો (Gujarati translation)

ણા દર્દીઓમાં પીઠનો દુઃખાવો, પગનો દુઃખાવો, પગની સંવેદનશૂન્યતા અને નબળાઈના સંયોજન હોય છે. આ લક્ષણો તમારા માટે પીડાદાયક હોઈ શકે છે પરંતુ આવશ્યક રીતે તાત્કાલિક તબીબી ધ્યાનની જરૂર નથી. એક દુર્લભ પરંતુ ગંભીર પીઠ સ્થિતિ, કૌડા ઈક્વિના સિન્ડ્રોમ, કાયમી નુકસાન અથવા અપંગતા તરફ દોરી શકે છે અને ઇમર્જન્સી સ્પેશિયાલિસ્ટ સ્પાઇનલ ટીમ દ્વારા તપાસવાની જરૂર પડશે. ક્યુડા ઈક્વિના સિન્ડ્રોમના કેટલાક ચેતવણી ચિહ્નો માટે કાર્ડની બીજી બાજુ જુઓ.

MACP™ Musculoskeletal Association of Chartered Physiotherapists

NHS DynamicHealth

NHS Bolton NHS Foundation Trust

uclan University of Central Lancashire

©Cambridgeshire Community Services NHS Trust 2018 Some Rights Reserved. With kind permission to reprint but not alter.

# કૌડા ઈક્વિના સિન્ડ્રોમના ચેતવણી ચિહ્નો

- તમારી આંતરિક જાંઘ અને જનનાંગો વચ્ચે પિન અને સોય /સંવેદનાનું નુકશાન
- તમારી પીઠમાં અથવા તેની આસપાસ અથવા નિતંબમાં સંવેદનશૂન્યતા
- પોતાને સાફ કરવા માટે ટોઇલેટ પેપરનો ઉપયોગ કરતી વખતે બદલાયેલ લાગણી
- તમે પેશાબ કરવાનો પ્રયત્ન કરો ત્યારે વધારે પડતી મુશ્કેલી
- તમે પેશાબના પ્રવાહને અટકાવવા અથવા નિયંત્રિત કરવાનો પ્રયત્ન કરો ત્યારે વધારે પડતી મુશ્કેલી
- તમે પેશાબ કરો ત્યારે સંવેદના ગુમાવવી
- પેશાબને લીક થવો અથવા પેડનો ઉપયોગ કરવાની વર્તમાન જરૂર
- તમારું મૂત્રાશય ક્યારે ભરેલું અથવા ખાલી છે તેની ખબર ન રહેવી
- આંતરડા ચળવળ અથવા લીક થતું અટકાવવાની અક્ષમતા
- તમે સંડાસ પસાર કરો ત્યારે સંવેદના ગુમાવવી
- એક ઉત્થાન અથવા સ્ખલન હાંસલ કરવાની ક્ષમતામાં ફેરફાર
- જાતીય સંભોગ દરમ્યાન જનનાંગોમાં સંવેદના નુકશાન

**કોઈપણ સંયોજન તુરંત જ મદદ માંગે છે**

©Cambridgeshire Community Services NHS Trust 2018 Some Rights Reserved. With kind permission to reprint but not alter.